BUSINESS મિત્ર Plus

# ફેડના રેટહાઈકને પચાવી સોનાચાંદી- મેટલ્સ- શેરોમાં રિબાઉન્ડ

બીરેન વકીલ

બુધવારે ફેડે વ્યાજદરમાં ત્રણ વર્ષના વિરામ પછી 25 બેસીસ પોઈન્ટ વધારીને નવો રેટ 3.75-4 ટકા કર્યો છે. ફેડ ચેરમેને ફેડ ફુગાવાને બે ટકા સુધી કટીબધ્ધ છે એમ કહને હોકીશ કોમેન્ટ કરી હતી. ક્ષણભર માટે સોનાચાંદી અને શેરબજારમાં તીવ્ર કરેકશન જોવાયું હતું પણ પછી બજારોમાં જોરદાર બાઉન્સ આવ્યો હતો. ખાસ કરીને સોનામાં બુધવારે એક કલાકના ગાળામાં બે તરફી 100-125 ડોલર જેવી અફડાતફડી જોવાઈ હતી. રાત્રે 11.35 સમયે સોનું 4270 ડોલર હતું. અને ફેડના રેટ હાઈક તેમજ હોકીશ કોમેન્ટના પ્રત્યાઘાતમાં તૂટીને 12.46 વાગે 4228 ડોલર થઈ ગયું હતું. થોડા જ સમયમાં સોનું બાઉન્સબેક થઈ 4331 ડોલર થયું હતું આમ એક કલાકમાં 100 ડોલરની વધઘટ થઈ હતી. શુક્રવારે તો સોનું 4399 ડોલર થઈ ગયુ હતું. વીકલી બોટમથી 179 ડોલર વધ્યા હતા. એમસીએક્સ સોનું 153300થી ઉછળી 154400 થયું હતું. લંડન ચાંદીમાં પણ બેતરફી મોટી વધઘટ હતી. ચાંદી ઘટીને 62.26 થઈ 66.27 ડોલર હતી. એમસીએસ સપ્ટે ચાંદી ઘટીને 232000 થઈ છેલ્લે 243000 હતી. અમેરિકામાં બોન્ડ યિલ્ડ પણ ઘટ્યા ભાવથી ઉછળી ફરી 5 ટકા થઈ ગયા હતા. ફેડ ચેરમેન વાર્ષે ફુગાવો ડામવા ફેડ મકમ છે અને ફેડ પાસે પ્રચંડ તાકાત છે એમ કહ્યું હતું પણ બજારે હોકીશ કોમેન્ટ તરત ડિસ્કાઉન્ટ કરી નાખી. ફેડ પાંચ પાચ વરસથી બે ટકા ફુગાવાના લક્ષાંકને મીસ કરે છે તો બજાર કયાથી ફેડ પર ભરોસો મુકે? ક્રુડના ભાવ ઓવરબોટ હોઈ કરેકશન આવ્યું છે. ક્રુડ 108 ડોલરથી ઘટીને 102 ડોલર થયું છે. ડાઉ જોન્ય ઘટયા ભાવથી સુધર્યો છે. ટેક શેરોમાં બાઉન્સ બેક આવતા નાસદાક પણ વધ્યો છે. ભારતીય શેરબજારોમાં નિફ્ટીમાં પણ ઘટયા ભાવથી થોડો સુધારો હતો. નેકસ 50 તેમજ નિફ્ટી હાઈબીટા ઈન્ડેકસની રીકવરી વધારે ધ્યાન ખેંચે એવી હતી.

**ગુરુવારે જીનપિંગ-ટ્રમ્પની બેઠક પર વિશ્વની નજર- ચોમાસુ સક્રિય થતા ખરિફ પાકોને રાહત**

મેટલ, ઈન્ફ્રા સેકટરમાં ફરી બારગેન બાઈંગ દેખાય છે.

એનર્જી બજારોની વાત કરીએ તો ક્રુડમાં નફારૂપી વેચવાલી છે. નાયમેકસ ક્રુડ 109 ડોલરથી ઘટી 102, એમસીએક્સ 10250થી ઘટી 9660 બંધ હતા. વીકએન્ડમાં હૌથી બળવાખોરોએ યેમેનું મોથા બંદર કબજો કર્યા પછી બાબ અલ મેન્ડેબ જળમાર્ગ નજીક નાના નાના ટાપુઓ કબજે કર્યા છે. વીકએન્ડમાં હુથીઓએ સાઉદી અરેબીયા પર મિસાઈલ હુમલા કર્યા છે. સાઉદી- હુથીનો તનાવ વધતા ક્રુડ ફરી 110-115 ડોલર તરફ જવાની શકયતા છે. જો કે ક્રુડતેલની તુલનામાં ડિઝલના ભાવ ક્રુડથી બમણા થઈ ગયા છે. હાલ બ્રેન્ટ ક્રુડ 102 ડોલર છે એની સામે યુરોપ ડિઝલ એક ટનના 1450 ડોલર, એક બેરલના 200 ડોલર છે. સામાન્ય રતે ક્રુડની તુલનાએ ડિઝલ25-30 ટકા જ મોંઘુ હોય છે. ડિઝલમાં વર્લવાઈડ શોર્ટેજથી ખેતી, પરિવહન, ખાતર, માઈનીંગ એમ ઘણા ખરા સેકટરોના ઈકોનોમિકસ જ બદલાઈ ગયા હોઈ ફુગાવામાં ઉંડી અને ટકાઉ અસર આવવાની ભીતી છે. મોટી મોટી બેન્કો પણ હવે ઈરાન વોર કયારે અટકે એમ મામલે ક્રુડના ટારગેટ કે સંભાવનાઓની આગાહી આપવાનું બંધ કરી દીધુ છે.

બેઝ મેટલ્સની વાત કરીએ તો રેટ હાઈક ડિસ્કાઉન્ટ થઈ જતા તેમજ ટેરિફનો હાઉ ઘટતા કોપર, ઝિંક અને એલ્યુ સહીતની મેટલમાં જોરદાર બાઉન્સ જોવાયો હતો. કોપર 1350થી ઉછળી 1408, ઝિંક 408થી ઉછળી 433, એલ્યુ 346.25થી ઉછળી 353 આસપાસ બંધ થયા હતા. ઔદ્યોગિક કોમોડિટીઝ, પેટ્રોકેમિકલ્સ વગેરેમાં લાંબા ગળાની બુલ માર્કટ છે. નિકલ, ટીન જેવી ટંગસ્ટન, રીનીયમ, રુથેનીયમ જેવી ક્રિટિકલ મેટલ્સમાં એઆઈ, ડિફેન્સ વગેરે ન્યુ એજ ઈકોનોમીમાં વધતો ઉપયોગ, સપ્લાય સિકયોરીટીને અનુલક્ષી સરકારોનું નિયમન વગેરે તેજી કરતા છે. રેડ સી- બ્લેક સી, હોરમુઝમાં લશ્કરી તનાવ, પનાવ કેનાલ યુરોપની નદીઓના જળમાર્ગોમાં નીચા વોટરલેવલ જેવા અવરોધોથી ગ્લોબલ સપ્લાય ચેઈનમાં મોટો વિક્ષેપ સર્જાયો છે.

ઘરઆંગણે રુપિયો સ્ટેબલ છે. મોડો મોડો પણ વરસાદ આવતા ખાધ ઘટી છે. જળાશયોમાં નવા નીર આવ્યા છે. જો કે પાછોતરા વરસાદથી ખરિફ પાકોને ને ખાસ ફાયદો થાય એમ નથી. પાછોતરે મગફલીને ફાયદો છે.

તુવેર તેમજ સોયાબીનમાં કયાક થોડો ફાયદો થા. ઈસ્ટ એમપી, બિહાર વગેરે વિસ્તારોમાં વધુ પડતા વરસાદથી સોયાબીન, મકાઈને નુકસાનના સમાચારો મળે છે. તાજેતરનો વરસાદ રવી વાવેતરો માટે સારા સમાચાર છે. ચણા-રાયડો- ઘઉ- જીરુ-ધાણા જેવા રવી પાકો માટે વરસાદ ખૂબ ફાયદાકારક છે. એરંડા- કપાસ માટે વરસાદ ઘણો ફાયદાકારક ગણાય.

હાલમાં કોમોડિટી બજારોમાં ગવાર-હળદર હોટફેવરીટ છે. ગવાર- ગવારગમ-કોરમામાં વન વે તેજી છે. એક વરસમાં ગવાર 5000થી વધીને 6900 થઈ ગયો છે. સોયાબીનમાં કરેકશન છે. રાયડામાં પણ તેજી હાલ થાક ખાય છે.

અમેરિકામાં મીડટર્મ ચૂંટણી નજીક આવતી જાય એમ પોલિટિકલ રિસ્ક પ્રિમિયમ વધશે. બજારની નજર ચીની પ્રમુખ શી અને અમેરિકી પ્રમુખ ટ્રમ્પ વચ્ચે ગુરુવારે બેઠક પર છે. આ બેઠકમાં બેઉ નેતાઓ એઆઈ, એકસપોર્ટ કંટ્રોલ, ટેરિફ, પ્રાદેશિક સ્થિરતા, તાઈવાન, ક્રિટિકલ મિનરલ્સ વગેરે મુદ્દે ચર્ચાઓ કરશે. મીટીંગમાં કેન્દ્રવર્તી મુદ્દો ઈરાન- હોરમુઝ અને એનર્જી સિકયોરીટી છે.



# આધુનિક ઈન્ટરનેટના અતિ મહત્વના અંગ ઓપ્ટિકલ ફાયબરનો પાયો નાખનાર ભારતીય સાહસિક: ડો. નરિન્દર સિંહ કાપાની

અત્યારે, વિશ્વની સૌથી મોટી ટેક્નોલોજી કંપનીઓ AI તેજીને પહોંચી વળવા માટે પૂરતા ગ્લાસ ફાઈબર(ઓપ્ટિકલ ફાઈબર) મેળવી શકતી નથી. તેના ભાવ વધતાં જઈ રહ્યા છે, ફેક્ટરીઓ 2027 સુધી સંપૂર્ણપણે બુક થઈ ગઈ છે, અને એકલી મેટા કંપનીએ જ સપ્લાય સુરક્ષિત કરવા માટે $6 બિલિયન સુધીનું રોકાણ કર્યું છે. આ ઓપ્ટિકલ ફાઈબર પાછળ સિત્તેરથી વધુ વર્ષો પહેલાં એક ભારતીય ભૌતિકશાસ્ત્રીએ કરેલી શોધ છે, જેમણે પોતાના જ પ્રોફેસરને ખોટા સાબિત કર્યા હતા. વિશ્વને વળાંકવાળા માર્ગ પર પ્રકાશને ગાઈડ કરતા શિખવનાર આ વ્યક્તિનો પ્રકાશ સાથેનો પહેલો પરિચય એક રમકડા દ્વારા થયો હતો, જે એક રસપ્રદ સંયોગ છે. 1930ના દાયકામાં ભારતમાં પોતાના બાળપણ દરમિયાન, નરિન્દર સિંહ કાપાની નામના એક બાળકને 'કોડાક બ્રાઉની' કેમેરા આપવામાં આવ્યો હતો, જે સામાન્ય રજાઓના ફોટોગ્રાફ્સ માટે બનેલું એક બોક્સ જેવું નાનું સાધન હતું. કાપાની માટે આ એક ધૂન બની ગઈ. તેનાથી ખેંચાતા ફોટા માટે નહીં, પરંતુ તેની પાછળ છુપાયેલા પ્રશ્ન માટે. લેન્સમાંથી પ્રકાશ કેવી રીતે પસાર થાય છે, દિશા બદલવા માટે તે કેવી રીતે વળે છે, અને ઈમેજ કેવી રીતે બને છે? તેમના પુત્રી કિરણ 'કીકી' કાપાનીએ પોતાના પિતાના જીવન અને વારસા વિશે હાલ એક બિઝનેસ અખબાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, "તે જિજ્ઞાસા આખરે તેમને 1950ના દાયકાની શરૂઆતમાં ઈમ્પીરિયલ કૉલેજ લંડન તરફ લઈ ગઈ. તેમના પ્રોફેસરના અવિશ્વાસ છતાં, તેમણે સાબિત કરી બતાવ્યું કે વળાંકો હોવા છતાં પણ પાતળા કાચના ફાઈબરમાંથી પ્રકાશનું વહન થઈ શકે છે. તેમણે 'ફાઈબર ઓપ્ટિક્સ' શબ્દ આપ્યો અને આધુનિક ટેલિકોમ્યુનિકેશન્સ, મેડિકલ એન્ડોસ્કોપ તથા ઈન્ટરનેટનો પાયો નાખ્યો." કીકીએ યાદ કર્યું કે તેમના



પિતાને આ વાર્તા કહેવી ખૂબ ગમતી હતી કારણ કે બાળપણની એક સાદી જિજ્ઞાસાએ આખરે "આખી દુનિયાનું નેટવર્ક જ બદલી નાખ્યું."

કાપાનીનો જન્મ 31 ઓક્ટોબર, 1926ના રોજ પંજાબના મોગામાં થયો હતો. તેમણે આગ્રા યુનિવર્સિટીમાંથી 1948માં ગ્રેજ્યુએટ થતાં પહેલાં માંગતા હતા, અને તેઓ હંમેશા જાણતા હતા કે તેઓ એક ઉદ્યોગસાહસિક બનવા માંગે છે. શિક્ષણ તેમના માટે ખૂબ મહત્વનું હતું, પરંતુ તેમને જ્ઞાન માત્ર પ્રયોગશાળા સુધી મર્યાદિત રહે તેમાં રસ નહોતો. તેઓ એવું કંઈક બનાવવા માંગતા હતા જે દુનિયાને બદલી શકે." તે મહત્વાકાંક્ષા આખરે તેમને કેલિફોર્નિયા

**ફોર્ચ્યુન મેગેઝિને 1999ના તેના "બિઝનેસમેન ઓફ ધ સેન્ચુરી" અંકમાં 20મી સદીને આકાર આપનારા સાત "અનસંગ હીરોઝ"માં તેમનો સમાવેશ કર્યો હતો. તે જ વર્ષે, ટાઈમ મેગેઝિને તેમને સદીના ટોચના દસ વૈજ્ઞાનિકોમાં સ્થાન આપ્યું હતું. 2009માં, તેમને ભૌતિકશાસ્ત્રના નોબેલ પુરસ્કાર માટે દાવેદાર માનવામાં આવ્યા હતા, જે આખરે ચાર્લ્સ કાઓને મળ્યો હતો. બાદમાં ભારતે તેમને 2004માં પ્રવાસી ભારતીય સન્માન અને 2021માં મરણોત્તર દેશના બીજા સર્વોચ્ચ નાગરિક સન્માન પદ્મ વિભૂષણથી નવાજ્યા હતા**

દહેરાદૂનમાં અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ તેમની શૈક્ષણિક સફર તેમને ઈમ્પીરિયલ કૉલેજ લંડન લઈ ગઈ, જ્યાં તેમણે પ્રોફેસર હેરોલ્ડ હોપકિન્સ સાથે કામ કર્યું. 1953માં, તેઓ ઓપ્ટિકલ ફાઈબરના બંડલમાંથી ઉચ્ચ ગુણવત્તાવાળી ઈમેજ સફળતાપૂર્વક ટ્રાન્સમિટ કરનાર પ્રથમ વ્યક્તિ બન્યા. પરંતુ કાપાની માત્ર વૈજ્ઞાનિક શોધો કરવા કરતાં વધુ કરવા માંગતા હતા. કીકીએ કહ્યું, "તેઓ એક અર્થપૂર્ણ વારસો છોડવા લઈ ગઈ. સેન ફ્રાન્સિસ્કો પહોંચ્યા પછી, કાપાનીએ તેમના કરિયરમાં એક મોટો કૂદકો માર્યો. કીકીએ યાદ કરતાં કહ્યું, "જ્યારે તેઓ સેન ફ્રાન્સિસ્કો આવ્યા, ત્યારે તેમણે બેંક ઓફ અમેરિકાના વાઈસ પ્રેસિડેન્ટને ફોન કર્યો અને કહ્યું કે તેઓ એક કંપની શરૂ કરવા માંગે છે. તે નિર્ણય ઓપ્ટિક્સ ટેક્નોલોજી ઈન્કોર્પોરેટેડ તરફ લઈ ગયો અને આખરે અમારા પરિવારને સિલિકોન વેલી લાવ્યો." 1960માં સ્થપાયેલી ઓપ્ટિક્સ ટેક્નોલોજી ઈન્ક. 1967માં શેરબજારમાં આવી. ઘણા અહેવાલો મુજબ, કાપાની સિલિકોન વેલીમાં પોતાની કંપની પબ્લિક કરનાર પ્રથમ શીખ ભારતીય ઉદ્યોગસાહસિક બન્યા. કીકી માને છે કે તેમના પિતાએ કેલિફોર્નિયા વિશેની ખાસ વાત ખૂબ વહેલી ઓળખી લીધી હતી. તેમણે કહ્યું, "તેમણે જોયું કે કેલિફોર્નિયામાં વિશ્વના ઘણા ભાગોના લોકો હતા અને એક એવી સંસ્કૃતિ હતી જે ઉદ્યોગસાહસિકો અને નવી ટેક્નોલોજીનું સ્વાગત કરતી હતી." વર્ષો દરમિયાન, કાપાનીએ 1973માં કાપટ્રોન ઈન્ક. અને બાદમાં K2 ઓપ્ટ્રોનિક્સ સહિત અન્ય કેટલીક કંપનીઓની સ્થાપના કરી. તેમણે 120થી વધુ પેટન્ટ મેળવી અને ફાઈબર ઓપ્ટિક્સ પર પ્રથમ પાઠ્યપુસ્તક લખ્યું.

ફોર્ચ્યુન મેગેઝિને 1999ના તેના "બિઝનેસમેન ઓફ ધ સેન્ચુરી" અંકમાં 20મી સદીને આકાર આપનારા સાત "અનસંગ હીરોઝ"માં તેમનો સમાવેશ કર્યો હતો. તે જ વર્ષે, ટાઈમ મેગેઝિને તેમને સદીના ટોચના દસ વૈજ્ઞાનિકોમાં સ્થાન આપ્યું હતું. 2009માં, તેમને ભૌતિકશાસ્ત્રના નોબેલ પુરસ્કાર માટે દાવેદાર માનવામાં આવ્યા હતા, જે આખરે ચાર્લ્સ કાઓને મળ્યો હતો. બાદમાં ભારતે તેમને 2004માં પ્રવાસી ભારતીય સન્માન અને 2021માં મરણોત્તર દેશના બીજા સર્વોચ્ચ નાગરિક સન્માન પદ્મ વિભૂષણથી નવાજ્યા હતા.

માનવ વાળ કરતાં પણ પાતળો એક સિંગલ ઓપ્ટિકલ ફાઈબર દર સેકન્ડે વિશાળ પ્રમાણમાં માહિતી લઈ જઈ શકે છે. તે 'ટોટલ ઈન્ટરનલ રિફ્લેક્શન' (પૂર્ણ આંતરિક પરાવર્તન) તરીકે ઓળખાતા સિદ્ધાંત દ્વારા કામ કરે છે, જ્યાં પ્રકાશ કાચના ફાઈબરની અંદરની દીવાલો પર અથડાઈને આગળ વધે છે અને ફાઈબર વળેલો હોય તો પણ તેના મુકામ સુધી પહોંચે છે.

દિલ્હીમાં રહેતી કોઈ વ્યક્તિ મોકલેલો પ્રશ્ન હજારો કિલોમીટર દૂર ડેટા સેન્ટરમાં પ્રોસેસ થાય છે અને લગભગ તરત જ જવાબ મળે છે, તે ટેક્નોલોજી કાપાનીના સંશોધનને કારણે જ શક્ય બની છે. ફાઈબરની આ માંગ AIના ઝડપી વિકાસને કારણે વધી રહી છે. પરંપરાગત ડેટા સેન્ટર્સથી વિપરીત, AI સુવિધાઓને હજારો પ્રોસેસર્સને એકબીજા સાથે જોડવાની જરૂર પડે છે જેથી તેઓ એક શક્તિશાળી સિસ્ટમ તરીકે સાથે કામ કરી શકે. તેના માટે ખૂબ જ વધારે

**ઓફ-બીટ**

પ્રમાણમાં ફાઈબર-ઓપ્ટિક કેબલની જરૂર પડે છે - કેટલાક અંદાજો સૂચવે છે કે તે સ્ટાન્ડર્ડ ક્લાઉડ ડેટા સેન્ટર કરતાં 16 થી 36 ગણા વધુ હોઈ શકે છે. ડૉ. કપાનીની બધી જ કંપનીઓ તેમના મૂળ નામો હેઠળ ટકી શકી નથી, પરંતુ તેમણે સ્થાપેલા વ્યવસાયોના ભાગો આજે પણ એક અગ્રણી વૈશ્વિક કંપનીમાં શોધી શકાય છે. ઓપ્ટિક્સ ટેક્નોલોજી આઈએનસી આખરે અન્ય સાહસોમાં ભળી ગઈ હતી. કપટ્રોન ઈન્ક.ને એએમપી ઈનકોર્પોરેટેડ દ્વારા હસ્તગત કરવામાં આવી હતી, જે તે સમયે અમેરિકામાં ઈલેક્ટ્રોનિક્સ કનેક્ટર બનાવતી સૌથી મોટી કંપનીઓમાંથી એક હતી.

# ટાટા જૂથનો વિવાદ: ફેમિલી બિઝનેસ વિ. પ્રોફેશનલી-રન બિઝનેસ અંગેની ચર્ચાઓ ફરી શરૂ




ટાટા લીડરશિપ વિવાદે ફેમિલી બિઝનેસ (પરિવાર સંચાલિત વ્યવસાયો) વિરુદ્ધ પ્રોફેશનલી-રન (વ્યાવસાયિક રીતે સંચાલિત) પેઢીઓ અંગે નવી ચર્ચા જગાવી છે. એક ધર્માદા સંસ્થા હોવા છતાં ટાટા ટ્રસ્ટ્સ ટાટા સન્સમાં ૬૬ ટકા હિસ્સો ધરાવે છે, જે તેને કોઈપણ ફેમિલી બિઝનેસથી અલગ પાડે છે. આમ છતાં, હાલના આંતરિક ઝઘડા અને મહત્વના મુદ્દાઓ પર બોર્ડ-સ્તરની અસહમતીએ સંસ્થાના માળખા પર પ્રશ્નાર્થ ચિહ્ન મૂકી દીધું છે. ટાટા ગ્રૂપમાં ચાલી રહેલી આ ઉથલપાથલને સમજવા માટે અહીં કેટલાક નિષ્ણાતોના મંતવ્યો આપવામાં આવ્યા છે.

હાર્વર્ડ બિઝનેસ સ્કૂલમાં ફાયનાન્સ અને એન્ટરપ્રિન્યોરિયલ મેનેજમેન્ટ યુનિટ્સના LE સિમન્સ પ્રોફેસર લૌરેન એચ કોહેને જણાવ્યું હતું કે, ટાટા લીડરશિપ વિવાદમાં પ્રોફેશનલી-રન ગ્રૂપ હોવા છતાં ફેમિલી બિઝનેસ જેવો સ્વાદ જોવા મળી રહ્યો છે. વ્યવસાયિક મુદ્દાઓ અને વિવાદો એક ભૌગોલિક વિસ્તારથી બીજા વિસ્તારમાં કેવી રીતે અલગ પડે છે અને તેનો ઉકેલ કેવી રીતે લાવવામાં આવે છે તે અંગેના પ્રશ્નનો જવાબ આપતાં કોહેને ચીંધ્યું હતું કે, પશ્ચિમી દેશોમાં વ્યવસાયના માલિકો કંપનીઓ દ્વારા જનરેટ થતા કેશ ફ્લો સુધીની પહોંચ પર ધ્યાન કેન્દ્રિત કરીને નિર્ણયો લેવાની પ્રક્રિયા છોડી દઈ રહ્યા છે.

ઐતિહાસિક રીતે, ધ ફોર્ડ મોટર કંપની, વોલમાર્ટ, આલ્ફાબેટ, એપ્પલ, માઈક્રોસોફ્ટ, બ્લેકરોક જેવી મુખ્ય કંપનીઓની ગણના પ્રોફેશનલી-રન બિઝનેસ તરીકે થાય છે. ટોચના ગ્લોબલ ફેમિલી એન્ટરપ્રાઈઝ એકેડેમિક કોહેનના જણાવ્યા અનુસાર, માલિકી અને નિયંત્રણનું વિભાજન સમગ્ર વિશ્વમાં વ્યવસાયો માટે એક વિકલ્પ બની શકે છે. ઈન્ડિયન સ્કૂલ ઓફ બિઝનેસ (ISB) ના એન્ટરપ્રિન્યોરશિપના પ્રોફેસર કવિલ રામચંદ્રન, જેમણે તાજેતરમાં ટાટા સન્સના નેતૃત્વ સંકટનો ઉલ્લેખ કરતી વખતે વાવાઝોડાની વચ્ચે કપ્તાન બદલવા સામે ચેતવણી આપી હતી, તેમણે પણ આ મુદ્દે આ અખબાર સાથે વાત કરી હતી. ફેમિલી બિઝનેસના વ્યાપક પ્રશ્ન પર, તેમણે ડચ સામાજિક મનોવિજ્ઞાની ગેરાર્ડ હેન્ડ્રિક (ગીર્ત) હોફસ્ટેડના વૈશ્વિક વર્ગીકરણનો ઉલ્લેખ કર્યો હતો, જે સૂચવે છે કે યુરોપ અને અમેરિકામાં વ્યક્તિગત સંસ્કૃતિની સરખામણીમાં ભારત અને અન્ય એશિયાઈ દેશોમાં સામૂહિક સંસ્કૃતિ છે. "અમારા સંદર્ભમાં, ભારતીય પરિવાર સંચાલિત વ્યવસાયોના સભ્યો તેને પોતાનો જન્મસિદ્ધ અધિકાર અને તેની સંભાળ રાખવાની પોતાની જવાબદારી ગણે છે. કોઈપણ કદના મોટાભાગના ભારતીય અથવા એશિયન ફેમિલી બિઝનેસમાં, પરિવારના સભ્યો કામગીરીમાં સક્રિયપણે સામેલ થાય છે અને ઘણીવાર CEO બને છે," રામચંદ્રને જણાવ્યું હતું. યુરોપ કે યુ.એસ.માં એવું નથી કે જ્યાં પરિવારના વ્યવસાયમાં કામ કરવું એ જન્મસિદ્ધ અધિકાર કે જવાબદારી છે, તેમણે ઉમેર્યું.

**એક વ્યાવસાયિક મેનેજર નિર્ણય લેતી વખતે ૫ થી ૧૦ વર્ષનો દ્રષ્ટિકોણ ધરાવતો હોય છે, પરંતુ પરિવાર ૧૦૦ વર્ષની દ્રષ્ટિની જરૂરિયાત અનુભવી શકે છે**

"આ મૂળભૂત તફાવત તેમની સંડોવણી અથવા દેખરેખના સ્વરૂપ પર ખૂબ મોટી અસરો પાડે છે." પરિપ્રેક્ષ્યમાં મૂકવા માટે, ટાટા ગ્રૂપ અથવા ટાટા સન્સ (કંપનીનું હોલ્ડિંગ યુનિટ), 'હુરુન ઈન્ડિયા ફેમિલી બિઝનેસ રેન્કિંગ્સ'નો ભાગ નથી. હુરુન ઈન્ડિયા વ્યવસાયોમાં સંપત્તિ નિર્માણ અને કોર્પોરેટ મૂલ્યને ટ્રેક કરતા મલ્ટિપલ બેંચમાર્ક ઈન્ડેક્સ પ્રકાશિત કરે છે.

વ્યવસાયિક વિવાદના કિસ્સામાં બોર્ડની ભૂમિકા વિશે વિગતવાર જણાવતાં, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (IIM) બેંગલોરના પ્રોફેસર દાલિયા મણિએ જણાવ્યું હતું કે, સ્વતંત્ર ડિરેક્ટરો તટસ્થ અને નિષ્પક્ષ દ્રષ્ટિકોણ પૂરો પાડી શકે છે તથા અન્ય પેઢીઓ અને ઉદ્યોગોમાંથી બહોળો અનુભવ અને આંતરદ્રષ્ટિ લાવી શકે છે.

"જોકે, સ્વતંત્ર ડિરેક્ટરોની કાર્યક્ષમતા બોર્ડ કેટલી સારી રીતે કાર્ય કરે છે તેના પર નિર્ભર કરે છે." તેમણે દલીલ કરી હતી કે માત્ર બહારના ડિરેક્ટરો ઉમેરવાથી સમસ્યાનો ઉકેલ આવી જતો નથી. સ્વતંત્ર ડિરેક્ટર પાસે ફક્ત તેમને ઉપલબ્ધ કરાવવામાં આવેલી માહિતી સુધી જ પહોંચ હોય છે અને ફેરફારો લાગુ કરવાની તેમની પાસે મર્યાદિત સત્તા હોય છે. તેમની ભૂમિકા પોતાના વિચારો રજૂ કરવાની છે, પરંતુ જો બોર્ડ ભિન્ન વિચારોને નકારવા માટે રચાયેલું હોય, તો સ્વતંત્ર ડિરેક્ટર ખાસ કંઈ કરી શકતા નથી એમ મણિએ કહ્યું.

કોહેનના જણાવ્યા મુજબ, પરિવાર

**કરન્ટ-ટોપિક**

સંચાલિત કંપનીઓમાં અવારનવાર વ્યવસાયનો વારસો વિરુદ્ધ વ્યવસાય વિશેની સત્ય માહિતી અંગે વિવાદ ઊભો થતો હોય છે. કંપની પેઢીઓથી માલિકો માટે શું મહત્વ ધરાવે છે તેનું એક ભાવનાત્મક વજન હોય છે, તેમ તેમણે ટાટા કેસનો ઉલ્લેખ કરતા કહ્યું હતું. માલિક દાયકાઓથી જે ચાલ્યું આવે છે તેને જાળવી રાખવા માંગતા હોય છે, પરંતુ સંપત્તિના વિકાસ અને વ્યવસાયના વિસ્તરણ માટે ફેરફાર જરૂરી હોઈ શકે છે, તેમણે કહ્યું. "વળી, એક વ્યાવસાયિક મેનેજર નિર્ણય લેતી વખતે ૫ થી ૧૦ વર્ષનો દ્રષ્ટિકોણ ધરાવતો હોય છે, પરંતુ પરિવાર ૧૦૦ વર્ષની દ્રષ્ટિની જરૂરિયાત અનુભવી શકે છે," કોહેને સમજાવ્યું કે આનાથી સંઘર્ષ ઊભો થઈ શકે છે.

કંપનીના લિસ્ટિંગ પર, તેમણે કહ્યું કે જો મોટા પ્રોજેક્ટ્સ માટે કંપની માટે મૂડી એકત્ર કરવી મહત્વપૂર્ણ હોય, તો ટાટા સન્સ લિસ્ટિંગ માટે જાય તે યોગ્ય રહેશે. જો કે, લિસ્ટિંગ સાથે કંપનીની ચપળતા ઘટી શકે છે, તેમ તેમણે જણાવ્યું હતું. રામચંદ્રનના જણાવ્યા અનુસાર, વર્તમાન સંઘર્ષ એ ટાટા સન્સમાં સૌથી મોટા શેરધારક તરીકે ટાટા ટ્રસ્ટ્સ દ્વારા "ગ્રૂપની કંપનીઓની રણનીતિ અને ભવિષ્ય નક્કી કરવા માટે સત્તા વાપરવાના પ્રયાસો"નું એક પરિણામ જણાય છે. રામચંદ્રને ઉમેર્યું કે, ટાટા ટ્રસ્ટ્સના ચેરમેન અને ટાટા સન્સના બોર્ડ પર નોમિની ડિરેક્ટર નોએલ ટાટા જ એકમાત્ર વ્યક્તિ હતા જેમણે એન ચંદ્રશેખરનની ત્રીજી મુદત માટે પુનઃનિમણૂકનો વિરોધ કર્યો હતો.

# અલ નીનો અસરથી ચોખાનું ઉત્પાદન 20 વર્ષમાં વિક્રમી નીચા સ્તરે પહોંચશે

ચાલુ ખરીફ સીઝનમાં ઓછા વરસાદ અને ચોખાના વાવેતર વિસ્તારમાં ઘટાડો થવાના કારણે તથા તાપમાનમાં અચાનક ફેરફાર થવાના કારણે ચોખાના ઉત્પાદનમાં ઘટાડો થવાની સંભાવના છે. એક અંદાજે ચોખાનું ઉત્પાદન 20 વર્ષમાં રેકોર્ડ નીચા સ્તરે પહોંચવાની ધારણા છે. જેના કારણે ખુલ્લા બજારમાં ખેડૂતોને સારા ભાવ મળી શકે છે. જોકે, ચોખાના ઉત્પાદનમાં શરે 10 મિલિયન ટનનો ઘટાડો થવાની સંભાવના છે. ગત વર્ષના 154 મિલિયન ટનના રેકોર્ડ ઉત્પાદન કરતા આ લગભગ 6.5 ટકા ઓછો છે. 2009-10માં અલ નીનોના કારણે થયેલા ઘટાડા પછી આ બીજો સૌથી મટો ઘટાડો સાબિત થઈ શકે છે.

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચરે પણ તેના અહેવાલમાં ચોખાના ઉત્પાદનમાં ઘટાડાનો અંદાજ લગાવ્યો

**સામાન્ય કરતા ઓછા વરસાદથી ચોખાના ઉત્પાદનને નુકશાન થશે, પણ સરકારમાં બફર સ્ટોકથી ચોખાની અછત નહીં રહે**



સરકારના મજબૂત બફર સ્ટોકને કારણે દેશમાં ચોખાની અછત નહીં રહે.

ચોખાના વેપારીઓ કહે છે કે લણણીની મોસમ દરમ્યાન સામાન્ય કરતા ઓછા વરસાદથી ચોખાના ઉત્પાદનને નુકશાન થયું છે. ચોખા નિકાસકારો સંગટનનો અંદાજ છે કે વરસાદ ઓછો થવાને કારણે ચોખાના ઉત્પાદનમાં ઘટાડો થશે, જેના કારણે છે. ઓગસ્ટના અહેવાલમાં ભારતમાં 2026-27 સીઝન દરમ્યાન 150 મિલિયન ટન ચોખાનું ઉત્પાદન થવાનો અંદાજ હતો, જે સપ્ટેમ્બરના અહેવાલમાં 3 મિલિયન ટન ઘટીને 147 મિલિયન ટન થઈ ગયો હતો. જોકે, કેન્દ્રીય કૃષિ મંત્રાલયના ત્રીજા એડવાન્સ પાક અંદાજ મુજબ 2025-26 સીઝનમાં સ્થાનિક ચોખાનું ઉત્પાદન 154 મિલિયન ટનના નવા રેકોર્ડ સ્તરે પહોંચવાનો અંદાજ છે.

આઈએમડી ડેટા અનુસાર 1 જુનથી શરૂ થયેલી ચોમાસાની ઋતુમાં અત્યાર સુધીમાં સામાન્ય કરતા 15 ટકા ઓછો વરાસદ પડ્યો છે. કેટલાક ચોખા ઉગાડતા રાજ્યોમાં, આ ખાધ 42 ટકા જેટલી ઉંચી છે.

સરકારી ડેટા અનુસાર, 11 સપ્ટેમ્બર સુધીમાં ઉનાળુ ચોખા વાવણી હેઠળનો વિસ્તાર 42.68 મિલિયન હેકટર હતો, જે ગત વર્ષની સરખામણીમાં લગભગ 4 ટકાનો ઘટાડો દર્સાવે છે. ભારતના ચોખાના ઉત્પાદનમાં આશરે 80થી 85 પ્રતિ કિલોથી વધીને લગભગ રૂ. 100 પ્રતિ કિલો થયા છે. ગત વર્ષે મસુરી રૂ. 51-52 પ્રતિ કિલો વેચાઈ રહ્યો હતો, જે હવે વધીને રૂ. 63થી રૂ. 64 પ્રતિ થઈ ગયો છે. ઉત્પાદન ઘટવાના ડરથી સ્થાનિક બજારમાં ચોખાના ભાવમાં વધારો થયો છે, પરિણામે નિકાસ ભાવ પણ એક વર્ષ કરતા વધુ સમયમાં રેકોર્ડ સ્તરે પહોંચી ગયા છે. ખેડૂતોને ખુલ્લા બજારમાં સારા ભાવ મળશે. જ્યારે સ્થાનિક અને વૈશ્વિક બંને ચોખા બજારોમાં ભાવ વધી રહ્યા છે, જેનો ફાયદો ચોખાના નિકાસકારોને થશે. જોકે, નિકાસ ચાલુ રહેશે, કેમ કે સરકાર પાસે મોટાપાયે બફર સ્ટોક હોવાથી ઉત્પાદનના ઘટાડાને પણ પહોંચી વળશે. એક માહિતી અનુસાર સરકારે 1 સપ્ટેમ્બર સુધીમાં 59.6 મિલિયન ટન ચોખાનો રેકોર્ડ સ્ટોક રાખ્યો હતો, જે 1 ઓકટોબર સુધીમાં 10.3 મિલિયન ટનના સરકાર લક્ષ્યાંક કરતા નોંધપાત્ર રીતે વધુ છે.

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચરે ભારતના શરૂઆતના ચોખાનો સ્ટોકનો અંદાજ 58.5 મિલિયન ટન રાખ્યો છે, જે ઓગસ્ટના અહેવાલ 54 મિલિયન ટનના અંદાજ કરતા 4.5 મિલિયન ટન

**કોમોડિટી વોચ**

વધુ છે. તેથી ઉત્પાદનમાં ઘાટડો થવા છતાં ઉપલબ્ધતા યથાવત રહેશે. જોકે, સ્ટોક ઘટીને 55.5 મિલિયન ટન થઈ શકે છે.

આ સ્ટોક ઓગસ્ટના 51 મિલિયન ટનના અંદાજ કરતા 4.5 મિલિયન ટન વધારે છે. સુધારેલી ઉપલબ્ધતા અને મજબૂત વૈશ્વિક માગને કારણે ભારતમાંથી મજબૂત ચોખા નિકાસ વલણ તરફ દોરી ગયું છે.